**૨૩/૬/૨૨** ડૉ.શ્યામકૃષ્ણ પ્રસાદ મૂખર્જી પુષ્પાંજલિ અર્પણ કાર્યક્રમ નગરપાલિકા દ્વારા શાળામાં યોજવામાં આવ્યો જેમા કારોબારી ચેરમેન મા.શ્રી. નરેશભાઇ સુથારવાલા, મા.શ્રી. ભાવિનભાઇ પટેલ વોર્ડના સભ્ય પધારેલ હતા. સાથે શાળાના હેડ કલાર્કશ્રી હસમુખભાઇ સુતરીયા તથા સુપરવાઇઝર જિજ્ઞેશભાઇ તેમજ શિક્ષકગણ હાજર રહ્યા હતા.

**૯/૭/૨૦૨૨** ધો.૧ થી ૫ માં શાળામાં લોકશાહી ઢબે શાળા પંચાયતની ચૂંટણી કરાવવામાં આવી. જેમાં ધો. ૫ ના GS માં બે વિદ્યાર્થી તથા LR તરીકે બે વિદ્યાર્થીનીએ નામ નોંધાવ્યા હતા. વિદ્યાર્થીઓમાં નેતૃત્વ ગુણો ખીલે એ હેતુસર ચૂંટણી પ્રક્રિયા કરી. ધો. ૩ થી ૫ના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર મતદાન કરી GS તરીકે ધો.૫ –અ નો વિદ્યાર્થી શાહ યજત અને LR તરીકે ધો. ૫-અની વિદ્યાર્થીની શેરે દેવ્યાંશીને જંગી બહુમતીથી વિજેતા બનાવ્યા.
**કલાભારતી ચાઇલ્ડ આર્ટ ઇન્સ્ટીટયૂ**ટ અંતર્ગત ડ્રોઇંગ સ્પર્ધામાં ૧૧૮ હેન્ડરાઇટીગ સ્પર્ધામાં, ૧૪ અને નિબંધલેખન સ્પર્ધામાં ૦૭ વિદ્યાર્થીઓએ ભાગ લીધો.







**૧૧/૭/૨૨** શાળામાં ધો. ૧- અ/બ ની વાલીમિટીગનું આયોજન કરવામાં આવ્યું. તેમા વર્ગશિક્ષકો અને વિષયશિક્ષકો દ્વારા પરીક્ષાલક્ષી અને વર્ષ દરમિયાન લેવામાં આવતી સ્પર્ધા વિશે માર્ગદર્શન આપ્યું. વાલીઓનો પરિચય મેળવવામાં આવ્યો અને વિદ્યાર્થીઓમાં કઇ ખૂબીઓ છે તેની ચર્ચા કરવામાં આવી.શાળાના આચાર્યશ્રી ડૉ.ભગુભાઇ પ્રજાપતિ સરે બાળકોને નાનપણથી જ બાળક પોતાનું વિઝન નક્કી કરી તે અંગે વિચારતુ રહેવું જોઇએ એ અંગે વાલીઓને બાળકોને પ્રોત્સાહન અને માર્ગદર્શન આપ્યું.



**૧૩/૭/૨૨** સંસ્કૃતિ ચિંતન કાર્યક્રમ યોજાયો, જેમા ડૉ.ભગુભાઇ આઇ. પ્રજાપતિએ વકતવ્ય આપ્યુ. શિક્ષકનું કાર્ય સંસ્કૃતિનું, સંરક્ષણ, સંક્રમણ અને સંવર્ધન કરવાનું છે. જેમણે આધ્યાત્મિકતા સાથે સંસ્કૃતિ ને જોડી શિક્ષકે મૂલ્યો અને સુરક્ષા સાથે આગળની પેઢીને પહોંચાડવું.

**૧૧/૭/૨૨** ધો. ૧ થી ૫ ના વિદ્યાર્થીઓને સાયન્ટીફીક 3D ફિલ્મ બનાવવામાં આવી. જેમાં બાળકોએ ચશ્મા પહેરી થ્રીડી ટેકનોલોજીથી અવકાશદર્શન, ડાયનાસોર પાર્ક તેમજ દરિયાઇ જીવો અંગે આનંદ સાથે જ્ઞાન મેળવ્યું અને રોમાંચની અનુભૂતિ કરી.



**૩/૮/૨૨** આઝાદીકા અમૃત મહોત્સવ અંતર્ગત ધો. ૧ થી ૫ માં વિવિધ વિષયો પર ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

**૪/૮/૨૨** રાષ્ટ્રધ્વજ બનાવવાની સ્પર્ધા યોજાય જેમાં વિદ્યાર્થીએ રાષ્ટ્રધ્વજની ક્રાફટ, થર્મોકોલ, કાપડમાંથી સુંદર પ્રતિકૃતિ બનાવી હતી.




**૮/૮/૨૨** **રક્ષાબંધન** એટલે ભાઇ બહેનના પવિત્ર સ્નેહનો પર્વ. શાળામાં બહેનોએ ભાઇઓને કુમકુમ તિલક કરી રક્ષા બાંધી. ભાઇ બહેનના નિર્મળ પ્રેમની અભિવ્યકિત કરી હતી. **કન્વી. રેશ્માબેન, સંધ્યાબેન**





**૧૦/૮/૨૨** ધો. ૧ થી ૪ માં નિપુણ ભારત બેજલાઇન એસેસમેન્ટ કસોટી લેવામાં આવી. જેનો હેતુ વિદ્યાર્થી અસરકારક પ્રત્યાયનકાર અને સક્રિય અધ્યેતા બને.

**૧૩/૮/૨૨** **આઝાદીકા અમૃત મહોત્સવ અંતર્ગત હર ઘર તિરંગા** નો સંદેશ પહોંચાડવા ધો. ૪ અને ૫ ના વિદ્યાર્થીઓ સવારે શાળાની આસપાસના વિસ્તારમાં રાષ્ટ્રધ્વજ સાથે પ્રભાત ફેરી કરી હતી.




**૧૮/૮/૨૨** **જન્માષ્ટમી પર્વની ઉજવણી** હર્ષોઉલ્લાસથી કરવામાં આવી. ધો. ૫-બ ના વિદ્યાર્થીએ પર્વને અનુરૂપ વકતવ્ય રજૂ કર્યુ. જાદવ વિધિ, પઢિયાર માહી, જાદવ જાનવી વિદ્યાર્થીનીઓએ કૃષ્ણગીત પર નૃત્ય કર્યુ "નંદ ઘેર આનંદ ભર્યો" નાટક ધો. ૫ અ/બ ના વિદ્યાર્થીઓએ રજૂ કર્યુ અંતે મટકી ફોડી સૌ ગરબા રમ્યા અને આરતી કરી સૌએ પ્રસાદ લીધો. કન્વી. હેતલબેન, સંધ્યાબેન





**૩૧/૮/૨૨** ગણેશ ચર્તુથી ને દિને શાળામાં ગણેશ સ્થાપના કરવામાં આવ્યા દસ દિવસ પૂજા અર્ચના કરી આનંદ ચૌદશના દિને હર્ષોલ્લાસથી બાપાનું વિસર્જન કર્યુ.

**૩/૯/૨૨** ધો. ૩ થી ૫ માં ધનુર રસીકરણ કેમ્પ યોજાયો.

**૫/૯/૨૨** **સ્વશાસનદિનની ઉજવણી** કરવામાં આવી, જેમાં ધોરણ ૫ અ/ બ ના કુલ વિદ્યાર્થીઓએ શૈક્ષણિક કાર્ય કર્યુ જેમાં પ્રિન્સિપાલની ભૂમિકા શાહ યજતે અદા કરી હતી. એક દિવસના બનેલ વિદ્યાર્થી શિક્ષકોએ પોતાના શૈક્ષણિક કાર્યના અનુભવો રજૂ કર્યા હતા. વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષકોને પુષ્પ આપી ગુરુવંદના કરી, બંધન બેંકના કર્મચારી દ્વારા શાળાના શિક્ષકોનું પુષ્પ થી સન્માન કરવામાં આવ્યા. કન્વીનરઃ- શીતલબેન, ભકિતબેન.

**૫/૯/૨૨** **જાયન્ટસ ગ્રૃપ ઓફ ભરૂચ** તરફથી શ્રીમતી નયનાબેન જી.પટેલ ને "શ્રેષ્ઠ શિક્ષક"ના એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા.